For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સ્વચ્છ સિટી દાવા વચ્ચે ડેપ્યુટી મેયર આદિત્ય પટેલના જ વોર્ડમાં કચરાના ઢગલા

આવી રીતે બન્યુ વડોદરા સ્વચ્છતામાં નંબર 1!



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વિક્રમ સંવત 2083ની શરૂઆત થઈ ચૂકી છે અને થોડા દિવસ અગાઉ જ વડોદરા મહાનગરપાલિકાને સ્વચ્છ સર્વેક્ષણમાં પ્રથમ ક્રમાંક મળ્યાની વાતો ચર્ચામાં રહી છે, પરંતુ શહેરના વાસ્તવિક ચિત્રમાં સ્વચ્છતાના આ દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા હોય તેવી સ્થિતિ વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર 7માં જોવા મળી રહી છે. ડેપ્યુટી મેયર આદિત્ય પટેલના આ વોર્ડમાં પારાવાર ગંદકી અને કચરાના ઢગલા જામ્યા છે, જેને જોઈને કદાચ મ્યુનિસિપલ કમિશનરને પણ શરમ આવે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. અહીં જાહેરમાં કચરો નાખવાની મનાઈ હોવા છતાં અને તમે સીસીટીવી કેમેરાની નજરમાં છો તેવી ચેતવણી લગાવેલી હોવા છતાં નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. કચરાના આ ઢગલામાં દારૂની બોટલો જેવી અયોગ્ય વસ્તુઓ પણ જોવા મળી રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ સમગ્ર મામલે સ્થાનિક રહીશોએ પોતાનો રોષ ઠાલવતા ગંભીર આક્ષેપો કર્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વોર્ડ નંબર 7માં ફરજ બજાવતા કર્મચારીઓ અને લારી-ગાડીઓ લઈને આવતા લોકો સવારે 6:30થી 7:30 વાગ્યાના અરસામાં અહીં જ કચરો ઊંધો કરી દે છે અને દૂર કચરો નાખવા જતા નથી. સ્થાનિક રહીશે એવો પણ દાવો કર્યો છે કે સવારના સમયે અહીં કોઈ જોવા બેઠું હોતું નથી તેનો લાભ લઈને લારીઓ ખાલી કરી દેવામાં આવે છે અને જો સીસીટીવી કેમેરા તપાસવામાં આવે તો સમગ્ર હકીકત બહાર આવી શકે છે. સ્થાનિકોનું કહેવું છે કે અહીં કચરો નાખવા મામલે અગાઉ ઝઘડા પણ થયા છે, જેના કારણે કચરાપેટી હટાવી દેવામાં આવી હતી અને કચરો નાખનાર સામે કડક શબ્દોમાં ચેતવણી આપતા બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે, પરંતુ લોકો બોર્ડ વાંચ્યા પછી પણ કચરો નાખી જાય છે. સ્થાનિકોના મતે, જે લોકો કામગીરી કરે છે તેઓ જ મોટા પ્રમાણમાં અહીં કચરો નાખી રહ્યા છે અને વારંવાર સમજાવવા છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો થતો નથી. બીજી તરફ, સામાજિક કાર્યકર્તા યોગેન્દ્રભાઈએ આ પરિસ્થિતિને અત્યંત ગંભીર ગણાવી છે અને જણાવ્યું છે કે વડોદરાને મળેલો પ્રથમ ક્રમાંક ફક્ત કાગળ પર જ દેખાઈ રહ્યો છે. તેમના કહેવા મુજબ, શહેરમાં લગાવેલા સીસીટીવી કેમેરા પૈકી 80 ટકાથી વધુ કેમેરા બંધ હાલતમાં છે અને તંત્રના અધિકારીઓએ પોતાની કાર્યશૈલી સુધારવાની જરૂર છે. ડેપ્યુટી મેયરના વોર્ડમાં જ જો આવી ગંદકી હોય તો શહેરના અન્ય વોર્ડની સ્થિતિ કેવી હશે તે સહેલાઈથી સમજી શકાય છે. તેમણે ઉમેર્યું કે ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડીઓ આવતી હોવા છતાં અને સ્વચ્છતા અભિયાન તથા ગાંધી જયંતી જેવા પ્રસંગોએ નેતાઓ હાથમાં સાવણા લઈને ફોટો સેશન કર્યા બાદ બીજા જ દિવસે શહેરની સ્થિતિ ફરી ગંદકીભરી બની જાય છે. તેમણે નાગરિકોની માનસિકતા પર પણ ટકોર કરતા કહ્યું કે મોટાભાગના લોકો સ્વચ્છતા જાળવે છે, પરંતુ અમુક ટકા લોકો ઘર ચોખ્ખું રાખ્યા બાદ ઉપરના માળેથી કચરાની પોટલીઓ ફેંકે છે અથવા સફાઈ થયા બાદ તરત જ જાહેરમાં કચરો નાખી જાય છે, જેના કારણે સમસ્યા વકરે છે.

મચ્છરો અને જીવજંતુઓનો ત્રાસ વધતાં બાળકો-વૃદ્ધોના સ્વાસ્થ્ય પર જોખમ

પરશુરામ ભટ્ઠામાં ગટરો-ગંદકીથી ગરાસીયા મોહલ્લાવાસી પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.16



શહેરના પરશુરામ ભટ્ઠા વિસ્તારમાં આવેલા ગરાસીયા મોહલ્લામાં ગટરની ગંભીર સમસ્યાના કારણે સ્થાનિક રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ગટર વ્યવસ્થા ખોરવાઈ જવાથી અને ઠેર-ઠેર ફેલાયેલા ગંદકીના સામ્રાજ્યને કારણે વિસ્તારમાં મચ્છરો તથા અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ બેકાબૂ બન્યો છે, જેના પગલે રહીશોમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની પ્રબળ દહેશત સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વડોદરાના પરશુરામ ભટ્ઠા સ્થિત ગરાસીયા મોહલ્લામાં લાંબા સમયથી ગટરલાઈન અને ગંદા પાણીના નિકાલની સમસ્યા સતાવી રહી છે. ગટરનું ગંદુ પાણી ઉભરાઈને માર્ગો પર ફરી વળતું હોવાથી આસપાસના સમગ્ર વાતાવરણમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થિર અને ગંદા પાણીના ભરાવાને કારણે મચ્છરોને પ્રજનન માટે અનુકૂળ માહોલ મળી રહ્યું છે, પરિણામે સાંજ પડતાં જ મચ્છરો અને જીવજંતુઓનો ત્રાસ અસહ્ય બની જાય છે અને રહીશોનું ઘરમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે. વિસ્તારના નાગરિકો, ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને મહિલાઓના સ્વાસ્થ્ય પર આ ગંદકી સીધી અસર કરી રહી છે. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા સહિતના વાહકજન્ય અને પાણીજન્ય રોગો ફેલાવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. રહીશોનું કહેવું છે કે પાલિકા તંત્ર દ્વારા સમયસર સફાઈ, ગટરલાઈનના સમારકામ અને દવા છંટકાવ જેવી પ્રાથમિક કામગીરી હાથ ધરવામાં ન આવે તો વિસ્તારમાં મોટો રોગચાળો ફાટી નીકળી શકે તેમ છે.

આંબેડકર નગરમાં એક વર્ષથી ગટર મિશ્રિત પાણીનો મારો

શહેરમાં નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાના મહાનગરપાલિકાના દાવાઓ વચ્ચે વોર્ડ નંબર-૧૧ની કચેરીની બરાબર સામે આવેલા ટીપી-૧૩ વિસ્તારના આંબેડકર નગરમાં છેલ્લા એક વર્ષથી દૂષિત પાણીની ગંભીર સમસ્યા યથાવત્ હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, રોજબરોજ ઘરોના નળમાં પીવાના પાણીના બદલે ગટર મિશ્રિત કાળા રંગનું અને દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. આ મામલે વારંવાર મૌખિક અને લેખિત ફરિયાદો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.લાંબા સમયથી ગંદુ અને દૂષિત પાણી આવતું હોવાથી વિસ્તારમાં રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. રહીશોના આક્ષેપ મુજબ, આ દૂષિત પાણીના કારણે ખાસ કરીને નાના બાળકોમાં વિવિધ બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. એક તરફ પીવાના શુદ્ધ પાણી માટે લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે અને બીજી તરફ પરિવારજનોના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે. પરિસ્થિતિથી કંટાળેલા સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને બોટલોમાં ભરીને લાવેલા કાળા રંગના દૂષિત પાણીનું પ્રદર્શન કરીને મહાનગરપાલિકા સામે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.



સંસ્કારી નગરીમાં બ્રિજ પ્રોજેક્ટ્સ યુદ્ધના ધોરણે

સમા-સાવલી રોડ બ્રિજની ૮૫% કામગીરી પૂર્ણતાના આરે

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરનો વિસ્તાર અને વસ્તી સતત વધી રહી છે, જેના કારણે આગામી સમયમાં ટ્રાફિકનું ભારણ વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા શહેરમાં વિવિધ બ્રિજોનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. હાલમાં પાંચ ફ્લાયઓવર બ્રિજ, એક કેનાલ બ્રિજ અને ત્રણ ખાડી બ્રિજ મળીને કુલ નવ બ્રિજની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ તમામ બ્રિજોની કામગીરી હાલ અલગ-અલગ તબક્કામાં ચાલી રહી છે, જેમાં મોટાભાગના બ્રિજોનું કામ ૬૦ ટકાથી લઈને ૮૫ થી ૯૦ ટકા સુધી પહોંચી ગયું છે. ખાસ કરીને સમા-સાવલી રોડ પર બની રહેલા બ્રિજની કામગીરી આશરે ૮૫ ટકા જેટલી પૂર્ણ થઈ જવાના આરે છે. બ્રિજ પ્રોજેક્ટ વિભાગના આયોજન મુજબ, બાલભવન ખાતેના ખાડી બ્રિજને એક મહિનાની અંદર પૂર્ણ કરીને તેનું લોકાર્પણ કરવાની તૈયારી છે. જ્યારે સમા-અબાકા સર્કલનો ફ્લાયઓવર બ્રિજ જાન્યુઆરીના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રખાયું છે. આ ઉપરાંત અન્ય બ્રિજોની કામગીરી



વર્ષ ૨૦૨૭ના મધ્ય સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જે બ્રિજનું કામ ઝડપથી પૂર્ણ થશે, તેનું લગભગ દર બે-બે મહિનાના અંતરે લોકાર્પણ કરવાની યોજના ઘડવામાં આવી છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં સમા-સાવલી રોડ સહિત અન્ય બ્રિજોનું લોકાર્પણ કરીને વડોદરાના નાગરિકોને ટ્રાફિકની સમસ્યામાંથી ઝડપી રાહત અને સુવિધાનો લાભ મળે તે દિશામાં તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

સેન્ટ્રલ બોર્ડ પરીક્ષાના પેપર તપાસનારા શિક્ષકો માટે નવા નિયમો

હવે ડેટા ફીડિંગમાં ભૂલ નહીં ચાલે, ૧૫ દિવસમાં કામ પૂરુ કરવુ પડશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન એ બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓના મૂલ્યાંકન સાથે જોડાયેલા શિક્ષકોની નાણાકીય ચૂકવણીને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. બોર્ડે પરિપત્ર જાહેર કરીને આઈપીએમએસ સ્પોટ મૂલ્યાંકન પોર્ટલ પર ડેટા ચકાસણી, અપડેટ અને પેમેન્ટ પ્રોસેસ અંગે વિગતવાર સૂચના આપી છે. હવે મૂલ્યાંકન કેન્દ્ર પર હાજર રહેલા શિક્ષકોની નાણાકીય ચૂકવણી માટે સુપરવાઈઝરે ડેટા ફીડ અને સર્ટિફાઈ કરવાનો રહેશે. મૂલ્યાંકન સાથે જોડાયેલા શિક્ષકોની નાણાકીય ચૂકવણી માટે સુપરવાઈઝરે જ ડેટા ફીડ કરવાનો રહેશે. ધોરણ-12 માટે અગાઉ ફાઈનલ કરાયેલા ડેટાને ડિલીટ કરીને વાસ્તવિક હાજરી અને ઓએમએસ મૂલ્યાંકન ડેટા સીબીપી પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. હવે આ ડેટા ચકાસણી સંબંધિત કર્મચારીઓની બેંક ખાતાની વિગત, આઈએફએસસી કોડ અને મોબાઈલ નંબર ફરજિયાતપણે દાખલ કરવાના રહેશે. જો કોઈ શિક્ષકે ખોટી વિગતો આપી હશે તો તેને અપલોડ કરનાર કે ખોટી વિગતો આપનારની જવાબદારી ગણાશે. બીજી તરફ, ધોરણ-10 માટે મૂલ્યાંકનની તારીખો દાખલ કરવાની નવી સુવિધા આપવામાં આવી છે. અગાઉ આખો દિવસ ઉપસ્થિત રહ્યા હોય પરંતુ તેમની લોગિન વિગતો ઓએમએસ સિસ્ટમમાં રેકોર્ડ ન થઈ હોય, તો તેઓ કન્વેન્સ અને ફૂડ એલાઉન્સ માટે પાત્ર ગણાશે. ભરનાર કેન્દ્રોને પણ માહિતી સુધારવાની તક આપવામાં આવી છે. પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરવા માટે ટોપ-ડાઉન ક્રમનું પાલન કરવું ફરજિયાત છે. જેમાં સૌથી પહેલા ચીફ નોડલ સુપરવાઈઝર, ત્યારબાદ હેડ એક્ઝામિનર, અન્ય એક્ઝામિનર અને અંતે સપોર્ટ સ્ટાફની એન્ટ્રી કરવાની રહેશે. સપોર્ટ સ્ટાફને દરેક હેડ એક્ઝામિનર હેઠળ અલગથી નહીં પરંતુ, સમગ્ર શાખા માટે સપોર્ટ સ્ટાફ સ્ક્રીન પર એક જ વાર રજિસ્ટરના રહેશે. બોર્ડે તમામ ચીફ નોડલ સુપરવાઈઝરને આદેશ આપ્યો છે કે, તેઓ પરિપત્ર જારી થયાના 15 દિવસની અંદર તમામ ડેટા એન્ટ્રી પૂર્ણ કરે. ફીલ કરતા પહેલા વેલિડેટ ડેટા વિકલ્પ દ્વારા તમામ એન્ટ્રીઓની ચકાસણી કરી લેવી જરૂરી છે. એકવાર ડેટા સર્ટિફાઈડ થઈ ગયા બાદ તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થઈ શકશે નહીં અને આ અંતિમ ડેટાના આધારે જ નાણાકીય ચૂકવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

શહેરમાં દિવાળીની ઉજવણી વચ્ચે રહીશો પરેશાન

કુંભારવાડામાં શુદ્ધ પાણી માટે વલખાં રસ્તા પર માટલા ફૂટ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરના વોર્ડ નંબર-6માં આવેલા કુંભારવાડા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી ડ્રેનેજ મિશ્રિત દૂષિત પાણી આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરવામાં આવતા આખરે સ્થાનિક મહિલાઓની ધીરજ ખૂટી હતી અને તેઓએ રસ્તા પર ઉતરી આવી માટલા ફોડીને પાલિકા તંત્ર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે છેલ્લા એક મહિનાથી નળ વાટે અત્યંત દુર્ગંધ મારતું અને ગટરનું પાણી ભળેલું આવતું હોવાથી લોકો પીવાના શુદ્ધ પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ ઉપરાંત વિસ્તારમાં ડ્રેનેજની લાઈનો પણ ઉભરાઈ રહી હોવાથી ગટરના ગંદા પાણી જાહેર માર્ગો પર ફરી વળ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. દૂષિત પાણી અને ગંદકીના કારણે વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ સ્થાનિકોએ વ્યક્ત કરી છે. રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે એક તરફ



ચૂંટાયેલા નગરસેવકો દિવાળીના તહેવારની ઉજવણીમાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ સામાન્ય નાગરિકો પ્રાથમિક સુવિધા એવા શુદ્ધ પીવાના પાણી માટે પણ તરસી રહ્યા છે. તહેવારો ટાણે જ પાણી અને ડ્રેનેજની ગંભીર સમસ્યા સર્જાતા સ્થાનિકોની મુશ્કેલીમાં ઓર વધારો થયો છે. હાલ તો કુંભારવાડાના રહીશોએ માટલા ફોડીને તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે હવે જોવાનું એ રહેશે કે પાલિકાનું નિંદ્રાધીન તંત્ર ક્યારે જાગે છે અને આ વિસ્તારના નાગરિકોને ક્યારે શુદ્ધ પીવાનું પાણી તેમજ ઉભરાતી ગટરોની સમસ્યામાંથી કાયમી છુટકારો મળે છે.

માણેજા ક્રોસિંગ પાસે જૂની અદાવતમાં યુવક પર હુમલો



વડોદરા : માણેજા ક્રોસિંગ વિસ્તારમાં જૂની બોલાચાલીની અદાવત રાખી યુવક પર હુમલો કરવાના બનાવમાં મકરપુરા પોલીસે સાહીલ જુમનઅલી સૈયદ (ઉં.વ.23), (2) સાહિદ અહેસાનઅલી સૈયદ (ઉં.વ.23), બંને રહે. જયરામનગર, મકરપુરા અને (3) નિરજ સરબજીત યાદવ (ઉં.વ.21), રહે. જશોદા કોલોની, મકરપુરા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. લેન્ડમાર્ક મોલના પાર્કિંગમાં ગલ્લા પાસે બેઠેલા યુવક સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપીઓએ ઉશ્કેરાઈને ઝઘડો કર્યો હતો. ત્યારબાદ યુવકને ગડદાપાટુનો માર મારી ગાળાગાળી કરી પાછળથી ગળું પકડી તીક્ષ્ણ હથિયાર વડે ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા.

સાવલીમાં સરકારી યોજનાના પાણીમાં ખાનગી કંપનીની તરસ છીપાતી હતી

ટુંડાવથી સુભેલાવ જતા રોડ પર નલ સે જલ યોજનાની લાઈનમાંથી ગેરકાયદે કનેક્શન ઝડપાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સાવલી તાલુકાના ટુંડાવ-સુભેલાવ રોડ પરથી પસાર થતી સરકારી પાઈપલાઈનને ખોદીને ખાનગી કંપની સુધી ગેરકાયદે પાણી પહોંચાડવામાં આવી રહ્યું હતું. આ યોજના મૂળ ગ્રામીણ વિસ્તારો અને સામાન્ય લોકોના ઘરવપરાશ માટેની છે, ત્યારે તેનો વ્યાપારી ધોરણે ખાનગી કંપની દ્વારા ઉપયોગ થતો હોવાથી લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક આગેવાન રાજદીપ રાણાએ રૂબરૂ સ્થળ નિરીક્ષણ કર્યા બાદ તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ યોજના માત્ર ઘરવપરાશ માટે છે, કોઈ ખાનગી કંપની માટે નહીં. આ કનેક્શન લેવામાં કોની મિલીભગત છે અને કઈ મંજૂરીથી અપાયું છે, તેની

કંપનીનું ગેરકાયદે જોડાણ



પાણીપુરવઠાની કાર્યવાહી



ઊંડાણપૂર્વક કાયદેસરની તપાસ થવી જોઈએ. તેમણે ચીમકી આપતા કહ્યું હતું કે, જો આ રીતે સરકારી યોજનાનું પાણી ખાનગી કંપનીઓને અપાશે તો સામાન્ય અને ગરીબ વર્ગના લોકો પાણીથી વંચિત રહેશે. જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે. આ મામલે જાગૃત નાગરિકો અને ગ્રામજનો દ્વારા રજૂઆતો કરવામાં આવતા પાણી પુરવઠા વિભાગ તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. ટુંડાવ, રાણીયા અને ગોઠડા સહિતના વિસ્તારની જવાબદારી સંભાળતા પાણી પુરવઠા વિભાગના કર્મચારી કાલુભાઈ અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. સ્થળ તપાસ અંગે માહિતી આપતા પાણી પુરવઠા વિભાગના કર્મચારી કાલુભાઈએ જણાવ્યું હતું કે, ગામ લોકો દ્વારા અમને જાણ કરવામાં આવી હતી કે, આ કંપનીમાં પાણી પુરવઠાનું કનેક્શન અપાયું છે. જેથી અમે તાત્કાલિક સ્થળ પર આવીને તપાસ કરી તો કનેક્શન ચાલુ હોવાનું જણાઈ આવ્યું હતું. અમારા ઉપરી અધિકારીનો આદેશ મળતા જ અમે જાતે સ્થળ પર જઈને બંને બાજુથી પાઈપલાઈનનું ગેરકાયદે કનેક્શન કાપી નાખ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અંદરથી આ કનેક્શન કેવી રીતે થયું તેની અગાઉ જાણ નહોતી, પરંતુ ગામલોકો દ્વારા માહિતી મળતા જ વિભાગ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે.

ગોબાચારી સમાથી છાણી કેનાલ સુધીના ૨૨૮૭ મીટર લાંબા ટ્રેકમાં તિરાડો અને ઉખડેલા પેવર બ્લોક, સંકલનના અભાવે ૮ મહિનાથી ઉદ્ઘાટન અટવાયું

ઉત્તર ઝોનમાં ૧૦.૪૦ કરોડનો ટ્રેક લોકાર્પણ પહેલાં જ જર્જરિત

પૂર્વ ઝોનમાં ૬ કરોડના સાયકલ ટ્રેકની નિષ્ફળતા બાદ વધુ એક નિષ્ફળતા

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સુવિધા આપવાના નામે પ્રજાના કરોડો રૂપિયાના વેડફાટનો વધુ એક ગંભીર મામલો સામે આવ્યો છે. અગાઉ શહેરના પૂર્વ ઝોનમાં વાઘોડિયા અને આજવા રોડ પર રૂ. ૬ કરોડના ખર્ચે તૈયાર કરાયેલો સાયકલ ટ્રેક નિષ્ફળ નીવડ્યો હોવા છતાં તંત્રએ કોઈ બોધપાઠ લીધો નથી. હવે ઉત્તર ઝોનમાં સમાથી છાણી કેનાલ સુધી રૂ. ૧૦.૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલો સાયકલ ટ્રેક વિભાગો વચ્ચેના સંકલનના અભાવે છેલ્લા આઠ મહિનાથી લોકાર્પણની રાહ જોઈ રહ્યો છે, અને ઉદ્ઘાટન થાય તે પહેલાં જ તેની કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સમા વિસ્તારથી છાણી કેનાલને જોડતો આશરે ૨૨૮૭ મીટર લાંબો આ સાયકલ ટ્રેક તૈયાર





થઈ ગયો હોવા છતાં હજુ સુધી નાગરિકો માટે ખુલ્લો મુકાયો નથી. સ્થળ પરની વાસ્તવિકતા જોતા સ્પષ્ટ જણાય છે કે લોકાર્પણ અગાઉ જ ટ્રેકની સ્થિતિ કથળી રહી છે. અનેક સ્થળોએ ટ્રેકમાં તિરાડો પડી ગઈ છે તેમજ પેવર બ્લોક ઉખડી ગયા હોવાનું જોવા મળે છે. આ ઉપરાંત વોકિંગ ટ્રેક અને સાયકલ ટ્રેક વચ્ચે યોગ્ય લેવલ જળવાયું ન હોવાથી ડિઝાઈન અને આયોજનની ખામીઓ ખુલ્લી પડી રહી છે. આ ટ્રેકની બાજુમાંથી જ ખુલ્લી ભૂકી કાંસ પસાર થઈ રહી છે, જેને સમાંતર ટ્રેકની બાજુમાં વોકિંગ માટે જગ્યા ફાળવવામાં આવી છે. ખુલ્લી ગટરની નજીક અને મુખ્ય કેનાલ રોડ પર રહેતા ભારે ટ્રાફિકના ભારણ વચ્ચે આ ટ્રેક અને વોકિંગ પાથનો સામાન્ય નાગરિકો તથા સાયકલચાલકો કેટલો સુરક્ષિત અને અસરકારક ઉપયોગ કરી શકશે, તે મોટો પ્રશ્ન છે. સાયકલ ચલાવનારાઓએ પોતાના ટ્રેક પર પણ સતત સાવચેત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાવાની શક્યતા છે, જેના કારણે આ પ્રોજેક્ટની સફળતા સામે શંકા સેવાઈ રહી છે. સમા વિસ્તારના આ સાયકલ ટ્રેકનું નિર્માણ સીએસઆર ભંડોળ થકી કરવામાં આવ્યું હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ પ્રોજેક્ટની આશરે ૭૦ ટકા રકમ તો મહાનગરપાલિકાએ જ ચૂકવી છે. આટલી મોટી રકમ ખર્ચાઈ હોવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા કરાયેલી કથિત બેદરકારી અને તઘલખી કામગીરી શંકાના દાયરામાં આવી છે. બીજી તરફ, શાસક પક્ષ દ્વારા હજુ પણ એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આગામી દિવસોમાં સાયકલ ટ્રેક કાર્યરત કરી દેવાશે. પૂર્વ ઝોનના ૬ કરોડના નિષ્ફળ પ્રયોગ બાદ ઉત્તર ઝોનમાં ૧૦.૪૦ કરોડના ખર્ચે ઊભી કરાયેલી આ વ્યવસ્થા યોગ્ય આયોજન અને સંકલનના અભાવે ફરી એકવાર પ્રજાના નાણાંનો વ્યય સાબિત થશે કે પછી નાગરિકોને ખરેખર સુવિધા મળશે, તે તરફ સૌની નજર મંડાઈ છે.

ડિપ્લોમા એન્જિનિયરિંગના સરકારી પ્રોફેસરોને ખાનગી યુનિવર્સિટીનો મોહ

૧૧૭ પ્રોફેસરોને Ph.D. માટે NOC, ૧૧૦થી વધુએ પકડ્યો ખાનગી યુનિવર્સિટીનો રસ્તો

પ્રમોશન અને ઉચ્ચ પગાર માટે ડિગ્રી જરૂરી, સરકારી યુનિવર્સિટીમાં માત્ર 7 જ, તજજ્ઞોમાં ચર્ચા

પ્રમોશન, ઉચ્ચ પગાર ધોરણ અને સરકારી લાભો માટે પીએચડી અનિવાર્ય

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

રાજ્યની સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં ભણાવતા પ્રોફેસરો હવે પીએચડી માટે ખાનગી યુનિવર્સિટીઓના શરણે ગયા છે. ટેકનિકલ શિક્ષણ વિભાગે તાજેતરમાં 117 અધ્યાપકોને પીએચડી કરવા માટે વાંધા પ્રમાણપત્ર આપ્યું છે, પણ આંકડા જોઈને સૌ ચોંકી ગયા છે. એનઓસી મેળવનારા 117 અધ્યાપકોમાંથી 110થી વધુ પ્રોફેસરોએ સરકારી યુનિવર્સિટીને બદલે ખાનગી યુનિવર્સિટીમાંથી પીએચડી કરવાનું પસંદ કર્યું છે. માત્ર 7 અધ્યાપકોએ જ જીટીયુ એમ.એસ. યુનિવર્સિટી જેવી સરકારી યુનિવર્સિટીનો રસ્તો પકડ્યો છે. પ્રમોશન, ઉચ્ચ પગાર ધોરણ અને સરકારી લાભો માટે પીએચડી અનિવાર્ય બની ગયું છે.

તજજ્ઞોનું કહેવું છે કે, લાંબી મહેનત અને મૌલિક રિસર્ચને બદલે સરળતાથી ડિગ્રી મળી જાય તેવી વ્યવસ્થાને કારણે ખાનગી યુનિવર્સિટીઓ હોટ ફેવરિટ બની ગઈ છે. સરકારી નિયંત્રણ અને મોનિટરિંગનો અભાવ પણ એક કારણ છે. ચિંતાની વાત એ છે કે, ભૂતકાળમાં કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ સામે 2 થી 4 લાખ રૂપિયા લઈને સીધી પીએચડી ડિગ્રી આપવાના ગંભીર આક્ષેપો થઈ ચૂક્યા છે.

કેટલાક પ્રોફેસરો નામાંકિત ખાનગી યુનિવર્સિટીમાંથી ડિગ્રી લઈ રહ્યા છે, પણ અમુક કિસ્સાઓએ ફરી શિક્ષણની ગુણવત્તા સામે સવાલો ઉભા કર્યા છે. શું સરકારી પ્રોફેસરોની પીએચડી ખરેખર સંશોધન માટે છે કે માત્ર પ્રમોશન માટેની ડિગ્રી? આ સવાલ હવે શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.